R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 20•ISSUE: 18 DATE: 30-04-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## મધ્ય પ્રદેશમાં સરકારનો લઘુમતીઓ વિરુધ્ધનો એજન્ડા કામ કરી રહ્યો હોવાનો ભય દર્શાવતાં લઘુમતી સંગઠનો

ચર્ચ લીડર્સો એ મધ્યપ્રદેશની સરકાર પર આરોપ મુક્યો હતો કે તેઓ ખ્રિસ્તીઓ વિરુધ્ધ એજન્ડા પર કાર્ય કરી રહ્યા છે.અને ખ્રિસ્તી લઘુમતી સ્કુલોને તેનું લક્ષાંક બનાવવામાં આવી રહી છે.

મધ્ય પ્રદેશના ખ્રિસ્તીઓ દ્વારા જણાવાયું હતું કે હિદુ કટ્ટરવાદીઓને સરકારના પીઠબળથી મોકળું મેદાન આપવામાં આવ્યુ છે તેથી તેઓ મિશનરી સ્કુલો ઉપર સતાવણી કરી રહ્યા છે.માઈનોરી કમિશન દ્વારા નવી સ્કુલોને માન્યતા આપવામાં આવી છે તેમો તેઓ વિવિધ રીતે સતાવણી કરી રહ્યા છે.

કમિશનના સેક્રેટરી નિશાર અહેમદે યુસીએ ન્યુઝને જણાવ્યુ હતું કે કેટલીક ખાનગી સ્કુલો છે જેમાં કાયદાની જોગવાઈ મુજબ ૨૫ ટકા ગરીબ વિદ્યાર્થીઓને જેઓ સ્થાનિક છે તેમને દાખલો આપવામાર્થી છુટ્ટી આપવામાં આવી છે.આ ઉપરાંત કેટલાક કટ્ટરવાદી તત્વો દ્વારા ખોટા લઘુમતિઓના સર્ટી ઉભા કરીને શિક્ષણ સંસ્થાઓમાં નડતર ઉભા કરી રહ્યા છે.અહેમદે જણાવ્યુ હતું કે કમિશનો તાજેતરમાં જે સ્કુલો લઘુમતિનો દરજ્જો પામેલી છે તેને મધ્યપ્રદેશની સરકાર ફરીથી ચકાસણી કરી રહી છ.

ચર્ચે નેતાઓએ સરકારના આ નિર્ણયને ચેતવણી આપતાં કહયું હતું




કે સરકાર લઘુમતી ખ્રિસ્તીઓ, મુસ્લીમ અને શીખોના હક્કો પર તરાપ મારી રહી છે.લઘુમતિ કમિશન નો અર્થ એ થાય છે કે તેઓએ માઈનોરીટી સંસ્થાઓનું રક્ષણ કરવાનું છે અને તેના વેલ્ફેર માટે કાર્ય કરવાનું છે પરંતુ તે આ કાર્ય કરવામાં નિષ્ફળગયું છે.ફાધર મારીયા સ્તેફને વધુમાં કહ્યુ હતું કે ખ્રિસ્તી નેતાઓને લઘુમતિ સંસ્થાઓની ફરીથી ચકાસણીની ભલામણ માટે જાણ કરવામાં આવી નહોતી.

હિદું નેશનાલીસ્ટ આઈડીયોલોજીએ બીજેપી પાર્ટીનો હેતુ ઉઘાડો કરી દીધો છે.સાથે સાથે આરએસએસ,કે જે તેમની જમણેરી પાખ સોશ્યલ મુવમેન્ટ એ પાર્લામેન્ટરી ગ્રુપ સાથે સંકળાયેલ છે તેમનો ખ્રિસ્તીઓ વિરુધ્ધનો સતાવણીનો એજન્ડા પર જાહેર કરી દીધો છે.પરસીક્યુશન ચેરીટી ઓપન ડોરર્સે ખ્રિસ્તીઓની સતાવણી કરનારા દેશમાં ૧૭મુ સ્થાન આપ્યુ છે.

તાજેતરમાં પ્રસિધ્ધ થયેલા કેથોલીક સેક્યુલર ફોરમના રીપોર્ટમાં મધ્ય પ્રદેશ તરફ આંગળી ચીંધવામાં આવી છે કે સૌથી વધુ ખ્રિસ્તીઓની સતાવણી અને હિંસક હુમલાઓ મધ્યપ્રદેશમાં થયા છે.ક્રિશ્ચિયન પરસીક્યુશન ઈન્ડીયાના રીપોર્ટ પ્રમાણે ૨૦૧૫ માં સાત પ્રોટેસ્ટટ પાસ્ટર અને એક લે પર્સન હિંસાનો ભોગ બન્યા છે અને તેમના જાન ગયા છે.જો કુલ સંખ્યા ગણવામાં આવે તો મહિલાઓ અને બાળકો સાથે ૧૮૦૦૦ જેટલા લોકો હિંસાત્મક ઘટનાઓનો ભોગ બન્યા છે.૮૦૦૦થી વધુ ચર્ચો અને સંસ્થાઓની મિલ્કતો ને નુકશાન પહોચ્યું છે અને સદંતર તોડી પડાયા છે.

## ઓગસ્ટા હેલીકોપ્ટર સોદા કૌભાંડમાં કોગ્રેસને ઘેરવા ભાજપની કવાયત ચાલુ

૨૦૧૦માં વીવીઆઈપી ઓગષ્ટા વેસ્ટ લેન્ડ હેલીકોપ્ટર ડીલમાં ભ્રષ્ટાચાર થયો હતો તેમ માનવાને પુરતા કારણો છે તેવું ઈટાલીની કોર્ટે જાહેર કરતાં કોગ્રેસને સકંજામાં લેવાની ભાજપે કવાયત શરુ કરી દીધી છે.૩૬૦૦કરોડના આ ડીલમાં ઈટાલીની કોર્ટે કોગ્રેસ પ્રમુખની ભુમિકાને મહત્વની જાહેર કરી હતી.પરિણામે રાજકીય ગરમાવો આવી ગયો હતો.રાજ્યસભામાં શાસક અને વિપક્ષ વચ્ચે ચકમક ઝરી હતી.રાજ્યસભાના એક દિવસ પહેલા સભ્ય બનેલા સુબ્રમણ્ય સ્વામીએ લાંચમાં સોનિયા ગાંધીનું નામ લેતાં કોગ્રેસના સભ્યો સાથે ટકરાવાની સ્થિતિ નિર્માણ થઈ હતી.કોગ્રેસના સભ્યોએ સ્વામીને સીઆઈએના એજન્ટ ગણાવતા ભારે શોરબકોર રાજ્યસભામાં મચી ગયો હતો.

ઓગષ્ટા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર ડીલમાં કંપનીને બ્લેક લિસ્ટ કરવામાં આવી હતી તેવો દાવો સરકારે ફગાવી દીધો હતો.કોગ્રેસે એવુ કહ્યુ હતું કે તેની સરકારે આ કંપનીને બ્લેકલિસ્ટ કરી હતી પરંતુ એનડીએની સરકારે તેને પાછી લઈ લીધી હતી.જો કે સોદમાં જેનું નામ ઉછળી રહ્યું છે તે માઈકલ બ્રિટિશ વેપારી છે.અને તેને આ સોદામાં ૩૩૦ કરોડની કટકી મળી છે તેવો આક્ષેપ કરવામાં આવ્યો છે.

સોનિયા ગાંધી એ કહ્યુ હતું કે હેલીકોપ્ટર સોદામાં મારી પર મુકાઈ રહેલા તમામ આરોપો ખોટા છે અને પાયાવિહોણા છે.અમે એવું કશું જ કર્યું નથી કે અમારે છુપાવવું પડે.તેમને મારુ નામ લેવા દો.હું ડરતી નથી. આ સરકાર છેલ્લા બે વર્ષથી સત્તામાં છે. શા માટે તેણે સોદાની તપાસ પુરી કરી નથી. સરકારે બને તેટલી ઝડપથી પક્ષપાત વગર તપાસ પુરી કરવી જોઈએ.સત્ય બહાર આવી જશે.તેમની પાસે કોઈ પુરાવા નથી.તેઓ જુઠ્ઠુ બોલી રહ્યા છે. અમે જાણીએ છીએ કે ચોક્કસ વ્યુહરચના અંતગર્ત મારુ ચારિત્રહનન કરવામાં આવી રહ્યુ છે.પુર્વ વડાપ્રધાને કહ્યુ હતું કે આ મામલામાં કોઈ કેસ બનતો નથી.આ અંગે અમારી પાર્ટી જવાબ આપશે.

## સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ ઠાકુરેએ વડાપ્રધાનની ટીપ્પણી અંગે નારાજગી વ્યકત કરી

દેશની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ટી.એસ.ઠાકુરે વડાપ્રધાન મોદી સમક્ષ ન્યાયતંત્ર અને ન્યાયાધીશોની મુશ્કેલીઓ રજુ કરી હતી. આ અંગે વડાપ્રધાને કરેલી ટીપ્પણી બાદ ટી.એસ.ઠાકુર નારાજ થયા હતા.વડાપ્રધાને ન્યાયાધીશોની રજાઓ અંગેની ટીપ્પણી કરી હતી.ચીફ જસ્ટીસે કહ્યુ હતું કે ઉનાળુ વેકેશન દરમિયાન હિલ સ્ટેશનો અને મનાલી ખાતે રજાઓ માણવા જતા નથી પણ આ વધારાના સમય દરમિયાન તેઓ પોતાના ચુકાદાઓ લખવામાં પસાર કરે છે.તેઓ જુના ચુકાદા લખીને જુના કેસ બંધ કરવા માટે રજાઓનો ઉપયોગ કરે છ.આ રીતે જુના કેસનો ઉકેલ લવાય છે અને નવા કેસની સુનાવણી હાથ ધરાય છે.

## ચીનના બળવાખોર દોલકુન ઇસાનો વિઝા આખરે ભારતે રદ કર્યો

મોદી સરકારે ચાઈનીઝ બળવાખોર નેતા દોલકુન ઈસાને વિઝા આપવાનો નિર્ણય કર્ય હતો જેનો ચીની સત્તાવાળાઓએ ભારે વિરોધ કર્યો હતો.ભારતે પાકિસ્તાન સ્થિત આતંકી મસુદ અઝહરને ચીને આપેલા સમર્થનના વિરોધમાં દોલકુનને વિઝા આપવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ ભારતની મુરાદ બર આવી નહોતી.સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં ચીને વીટો વાપરીને મસુદ અઝહરને બચાવી લીધો તેના વિરોધમાં ભારતે આ પગલું લેવા હિંમત કરી હતી.પરંતુ છપ્પનની છાતી નિષ્ફળ ગઈ હતી.ભાજપ સહિત મોદીના સમર્થકો સરકારના આ નિર્ણયને માસ્ટર સ્ટોક કહેતા હતા પરંતુ ગણતરીના દિવસોમાં સરકારે પલટી મારી દીધી હતી.

## તેલંગાણામાં કારમો દુકાળ,લોકોનુ સ્થળાંતર ચાલુ,પશુધન પર ખતરો

નવુ રાજ્ય તેલંગાણા પીવાના પાણી અને કૃષિજળની અછત વચ્ચે કારમા દુકાળનો સામનો કરી રહ્યુ છે.નાલગોડા વિસ્તારમાંથી ૭૦ ટકા પશુધન વેચાઈ ગયું છે.પાણીની અછત માત્ર અંતરિયાળ ગામોમાં દેખાતી નથી પરંતુ શહેરો સુધી હવે પહોચી ગઈ છે.દુકાળ અને કારમી સ્થિતિનો અંદાજ કાઢવા કરતાં લોકોનું સ્થળાંતર થઈ રહ્યું છે તેમને પુરતી મદદ પહોચાડવાની કામગીરી કરવાની છે.પાણીની અછતને કારણે ખેડુતોને પોતાના ઢોરઢાંખરને વેચી દેવાની ફરજ પડી છે. આમ મોંઘી કિમતનું પશુધન સસ્તા દામોથી વેચાઈ રહ્યું છે. તેલંગાણાના રાજ્યમાંના અમુક જિલ્લાઓની કપરી સ્થિતિમાં ૧૪ લાખથી વધુ લોકોએ સ્થળાંતર કર્યુ છે.સ્થળાંતર કરેલા લોકો પુણે,મુંબઈ,અને ભીવંડી,અમદાવાદ અને સુરત તરફ ધસી રહ્યા છે. કામની શોધ અને ભુખમરા સામે લડવા માટે તેમને બીજો કોઈ વિકલ્પ નથી. સરકારોને માત્ર આંકડાઓ એકઠા કરવા જાહેરકરવા અને તેના માટે મોટી યોજનાઓ જાહેર કરવા સિવાય બીજુ કરવામાંથી ફુરસદ નથી. યોગ્ય કાર્યવાહી નહી થતી હોવાને કારણે પરિસ્થિતિ નાજુક બની ગઈ છે.આ ઉપરાંત કાળઝાળ ગરમી પણ લોકો માટે ભારે અવરોધક બની રહી છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં ચારે કોર સમસ્યાઓ વકરી રહી છે.દક્ષિણ ભારતમાં ગરમી અને જળ સંકટે ભારે સમસ્યાઓ ઉભી કરી છે. મોંઘવારીએ ગરીબ અને મધ્યમવર્ગની કેડ ભાગી નાંખી છે ત્યારે અચ્છે દિન લાવનારાઓ કૌભાંડોની લીલામાંથી બહાર આવતા નથી.કોંગ્રેસ પક્ષને કૌભાંડોમાં ઘેરવાની અને ગાંધી પરિવારને ગમે તેમ સકંજામાં ફીટ કરી દેવાની નેમ લઈને પોતાનું રાજ્ય અમર બનાવવાની કોશીશમાં લાગી રહેલી ભાજપની નેતાગીરીએ સમજી લેવાની જરુર છે કે દેશ માત્ર કોભાડોના સમાચારો અને અન્ય મુદ્દાઓ તરફ વાળી દેવાથી વર્તમાન સમસ્યાઓમાંથી નાગરિકોને છુટકારો મળવાનો નથી.એક જુઠ સો વાર બોલવાથી સત્ય બની જાય છે તે ઉક્તિને ઉજાગર કરવાની નેમ લીધી હોય તેમ હાલની સરકારની સ્થિતિ છે.

શિક્ષણ સંસ્થાઓ,ઉદ્યોગો,મંડળો વિગેરે પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરીને પોતાની સરમુખ્ત્યારશાહી ઠોકી બેસાડવાનો ક્રમ જારી કરી દેવાયો છે.તેના ઉદાહરણો લોકો સમક્ષ હાજરા હજુર છે.સરકારના નિર્ણયોની ટીકા કરવામાં હવે કોર્ટોએ પણ પાછી પાની કરી નથી.સત્તા પર બેઠેલા લોકોમાં કેટલાક લોકોની માન્યતા એવી છે કે અમો સત્તા પર બેઠા એટલે અમારી વાતને કોઇ નજર અંદાજ કરી શકેનહી. અમે કહીએ તે કાયદો અને તોડીએ તો પણ તે અમારી સત્તા મરજી. કોઇપણ તેમાં ડખલગીરી કરી શકે નહી.હવે એવું લાગે છે કે દેશ હવે સરમુખત્યારશાહી તરફ ગતિ કરી રહ્યો તો નથીને?

વિદેશ નીતિમાં કેટલીક ગંભીર ભુલો થઇ રહી છે.જો કે ચીનને નારાજ કરી શકાય નહી પરંતુ તેની સાથે મુસદીગીરીથી કાર્ય થઇ શકે છે.આપણે આપણી ઓકાત જોઇને છાતી દેખાડવી જોઇએ.આ અમદાવાદની શેરીઓમાં થતી લડાઇઓ કે તોફાનો નથી કરવાના.કે જેમાં તમે ધારો તેવુ કરી શકો.

ચુંટણીઓમાં થતી ગેરરીતીઓથી કોણ વાકેફ નથી. આ પછી સરકારો તોડવા અને બનાવવા માટે થતાં હોર્સ ટ્રેડીંગથી પણ સામાન્ય નાગરિકોને બહુ જાણકારી ના હોય પરંતુ પક્ષની નેતાગીરીઓ તો અજાણ નથી. જો તેમ જ કરવું હોય તો પછી વિરોધીઓને દોષિત ઠેરવવા જોઇએ નહી .તમે કરતાં હતા એટલે અમો એજ રીતે કરીશું. જો કૌભાડો તમે કરતા હતા તો અમે પણ સિફતતાથી કરીશું. આ રીતને નાગરિકો યોગ્ય માની શકે નહી.અપેક્ષાઓ બહું ઉચી હતી તેથી ધારણાઓ મુજબના પરિણામો હાંસલ ના થતા હોય તો સહુ કોઇ નારાજ થાય. પરંતુ એમ માનીએ ના ચાલી શકાય કે અમોને કોઇ ખદેડી શકે તેમ નથી.મતદારોએ કોઇની શરમ રાખી નથી.તેમણે તેમનો અભિપ્રાય બદલ્યો છે.બહુમતી આપી છે તો ફેકી પણ દીધા છે. અને ફેકાયેલાને પાછા ઉંચા સ્થાને બેસાડ્યા છે.ઇન્દીરા ગાંધીને કટોકટી બાદ ચુંટણીઓમાં હાર આપનાર અને ત્યારબાદ જંગી બહુમતીથી જીતાડનાર મતદારો દુવિધામાં છે કે તેમણે કરેલો નિર્ણય સાચો હતો કે ખોટો ?


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્વળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્શન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: એ એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના કેન્દ્રના નિર્ણયને હાઇકોર્ટે રદ કરી કેન્દ્ર સરકારે સૌથી મોટું રાજકીય અને બંધારણીય દુ:સાહસ કર્યુ હોવાનુ સ્પષ્ટ કર્યુ

ઉત્તરાખંડની હાઇકોર્ટે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના કેન્દ્ર સરકારના નિર્ણય ઉપર આપેલા આદેશને કારણે રાજકીય ગરમાવો આવી ગયો છે. હાઇકોર્ટે કરેલા નિર્દેશો અને અવલોકનો પછી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી દલીલો ચાલી શકી નહોતી.કેન્દ્ર સરકારે દલીલ કરી હતી કે અદાલતો રાષ્ટ્રપતિ શાસનના નિર્ણયની સમીક્ષા કરી શકે નહી.હાઇકોર્ટ આ બાબતે તીખો પ્રહાર કરતાં ક્હયુ હતું કે અદાલત રાષ્ટ્રપતિના નિર્ણયની ન્યાયિક સમીક્ષા કરી શકે છે.રાષ્ટ્રપતિનો નિર્ણય કોઇ રાજાનો નિર્ણય નથી.

કેન્દ્ર સરકાર ઉત્તરાખંડમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવી શકે છે તેવી કોંગ્રેસે ધારણા વ્યક્ત કર્યા બાદ હાઇકોર્ટે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે કેન્દ્ર સરકાર એવું કશું નહીં કરે જેનાથી અદાલત ઉશ્કેરાય. કેન્દ્ર સરકાર અનુસાર એટર્ની જનરલે નિવેદન આપ્યું હતું કે આર્ટિકલ ૩૫૬ પર કશું કરશે નહીં, કારણ કે તે ઉઠાવી લેવાયો છે.કેન્દ્રના આ નિવેદન પછી કોંગ્રેસે ધારણા વ્યક્ત કરી હતી કે રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટી શકે છે.કોંગ્રેસના વકીલ મનું સિંઘવીએ અદાલતમાં અપીલ કરી હતી કે કેન્દ્ર સરકારને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવતાં અટકાવવામાં આવે.

ઉત્તરાખંડ હાઇકોર્ટે કેન્દ્ર સરકાર પર રાજકીય અધાધુધી ફેલાવવાનો આરોપ મુક્યો છે.અદાલતે કેન્દ્રને સવાલ કર્યો હતો કે શું કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે રાજ્યોની વિધાનસભાઓમાં મેગ્નીફાઇન ગ્લાસ લઇ તકો શોધી રહી છે. શા માટે કેન્દ્ર સરકાર ૯ કોંગ્રેસી બળવાખોર ધારાસભ્યોના સસ્પેશન પર આટલી ચિંતિત હતી ?સરકાર ચુંટાયેલી સરકારનો અધિકાર છીનવી રહી છે. રાજકીય અંધાધુંધી ફેલાવી રહી છે.

હાઇકોર્ટમાં સુનાવણી દરમિયાન કેન્દ્ર સરાકરે દલીલ કરી હતી કે ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા ૩૫૬મી કલમનો ઉપયોગ કરવાનો નિર્ણય રાષ્ટ્રપતિએ તેમના રાજકીય ડહાપણથી લીધો હતો.રાષ્ટ્રપતિ સમક્ષ રજુ કરાયેલા દસ્તાવેજો અને માહિતી અંગેની તેમની સમજણ અદાલત કરતાં અલગ હોઇ શકે. છે. જવાબમાં હાઇકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફે અને જસ્ટીસ વી.કે.બિસ્ટની બેન્ચે જણાવ્યુ હતું કે લોકો ભુલ કરી શકે છે. પછી કે રાષ્ટ્રપતિ હોય કે ન્યાયાધીશો. ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે રાષ્ટ્રપતિ સમક્ષ રજુ કરાયેલી માહીતિની પણ ન્યાયિક સમીક્ષા થઇ શકે છે.ઉત્તરાખંડમાં પ્રવત્તતી રાજકીય સ્થિતિ બાબતે હાઇકોર્ટે જણાવ્યુ હતું કે રાજકીય સ્થિતિ અંગે ગર્વનરે રાષ્ટ્રપતિને મોકલાવેલા અહેવાલ પરથી અદાલત એટલું સમજી શકી છે કે દરેક સ્થિતિ ૨૮મી માર્ચના વિધાનસભામાં શક્તિપરિક્ષણ તરફ દોરી જતી હતી.ગર્વનરે તેમના રિપોર્ટમાં ઉલ્લેખ કર્યો નહોતો કે ૩૫ ધારાસભ્યો વિશ્વાસનો મંત માંગી રહ્યા છે.રાજ્યપાલ વ્યક્તિગત રીતે સંતુષ્ટ હતા.તેમણે આ અંગે રિપોર્ટમાં નોધ કરી નહોતી.ગર્વનરે તેમના અહેવાલમાં ઉલ્લેખ કર્યો નહોતો કે નવ બળવાખોર કોંગ્રેસી ધારાસભ્યો વિશ્વાસ મતની માંગણી કરી રહ્યા છે.અહેવાલમાં એવો કોઇ ઉલ્લેખ નહોતો કે રાજયપાલને રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની જરુર લાગી રહી છે.આવી સ્થિતિમાં ભારત સરકારે એવું કેવી રીતે માની લીધું કે ૩૫ ધારાસભ્યો સરકારથી સંતુષ્ટ નથી.

આમ ઉત્તરાખંડમાં રાષ્ટ્પતિ શાસન લાદવાનું કેન્દ્ર સરકારને ભારે પડી ગયું છે. અને મોદી સરકારના હાથે આ સૌથી મોટું રાજકીય અને બંધારણીય દુ:સાહસ થઇ ગયું હોવાનુ સ્પષ્ટ થઇ ગયું છે.ઉત્તરાખંડની હાઇકોર્ટે કેન્દ્ર સરકારે રાષ્ટ્પતિ શાશન લાદવાનો જે નિર્ણય લીધો તેને હાઇકોર્ટે રદ કરી દીધો હતો.તેમજ ડીસમીસ કરાયેલી કોંગ્રેસ સરકારને ફરીથી પ્રસ્થાપિત કરવાનો આદેશ કરીને કેન્દ્ર સરકાને જોરદાર લપડાક મારી છે.લોકશાહી ઢબે ચુંટાયેલી સરકારને હટાવવા બદલે કોર્ટે કેન્દ્ર સરકારનો બરાબર ઉઘડો લીધો હતો.કોર્ટે આ સાથે જ હરીશ રાવતની સરકારને૨૯ એપ્રિલે વિધાનસભામાં બહુમતી પુરવાર કરવા જણાવ્યુ છે.જો કે કેન્દ્રએ હાઇકોર્ટના આ નિર્ણયને સુપ્રીમકોર્ટમાં પડકારવાનો નિર્ણય કર્યો છે.તેથી તેઓ સુપ્રીમમાં અરજી કરશે.

રાવત સરકારને હટાવીને બંધારણની કલમ ૩૫૬નો ઉપયોગ કરવા બદલ ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફ અને જસ્ટીસ બી.કે.બિસ્ટની ઉત્તરાખંડની હાઇકોર્ટની બેન્ચે કહ્યું કે રાષ્ટ્પતિ શાસન સુપ્રીમ કોર્ટે નક્કી કરેલા કાયદાથી વિપરિત હતું.આ સાથે કોંગ્રેસના નવ બળવાખોર ધારાસભ્યોને પણ ગેરલાયક ઠરાવ્યાબાદ કહ્યુ છે કે પક્ષ પલટો કરીને બંધારણીય પાપ કરવા બદલે તેમણે કિમત ચુકવવી પડશે.

ભાજપે હાઇકોર્ટના ચુકાદા બાદ કહ્યુ હતું કે હરીશ રાવતની સરકાર હજુ પણ લઘુમતીમાં છે. અને ૨૯મી એપ્રિલે સાબિત થઇ જશે.ભાજપના મહામંત્રી કૈલાસ વિજયવર્ગીએ કહ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસથી કોર્ટે જે તારણો રજુ કરી રહી હતી તેના પરથી આ પ્રકારનો આદેશ આવશે તેવી જ અપેક્ષા હતી.અમને ચુકાદાથી આશ્ચર્ય થયું નથી.

જ્યારે કોંગ્રેસના મીડીયા ઇન્ચાર્જ રણદીપ સુરજવાલેએ કહ્યું કે લોકતંત્ર સાથે ચેડા કરવા અને બંધારણની હત્યા બદલ વડાપ્રધાન મોદી અને ભાજપના પ્રમુખ અમિત શાહે દેશની અને ઉત્તરાખંડની જનતાની માફી માંગવી જોઇએ.હાઇકોર્ટનો ચુકાદો ભાજપના ગાલ પર તમાચો છે. તેમણે આ ચુકાદામાંથી બોધપાઠ લેવો જોઇએ.

જ્યારે ઉત્તરાખંડના મુખ્યમંત્રીએ હાઇકોર્ટના ચુકાદાનો આવકાર કરતાં કહ્યુ હતું કે આ ઉત્તરાખંડની જનતાનો વિજય છે.તેમની સરકાર મહાન,શક્તિશાળી અને પહોળી છાતી ધરાવતાઓની સામે ઘર્ષણમાં ઉતરવા માંગતી નથી.આથી કેન્દ્ર પણ તેમની સાથે સહકારી સમવાયતંત્રની ભાવના સાથે કામ કરે.રાજકીય અસ્થિરતા ફેલાવવા પાછળ કોણ હતું તે આખો દેશ હવે જાણે છે.તેમણે કહ્યુ હતું કે રાજકીય અસ્થિરતાને કારણે જનતાએ સૌથી વધુ સહન કરવું પડ્યું છે.તેમણે તેમના તમામ સાથીઓને કડવાશ ભુલી જઇને રાજ્યના હિતમાં એક થઇને કામ કરવા અપીલ કરી હતી.

જો કે કેન્દ્ર સરકારની રાજ્યોમાથી કોંગ્રેસી સરકારોને બેદખલ કરવા માટેની યોજનાઓ પર ઉત્તરાખંડની હાઇકોર્ટે કરેલા નિર્દેશોને કારણે હાલ પુરતું બ્રેક લાગી છે. કેન્દ્ર સરકારમાં બેઠેલા નેતાઓને પોતે કાયદાને ઘોળી પી જઇ પોતે જે ધારે તે કરી શકે તેવું માનતી હોવાના અહંમને હાઇકોર્ટના આદેશોને કારણે હાલ પુરતી બ્રેક વાગી ગઇ છે. દેશ આખો વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે. મોઘવારી,જળસંકટ જેવી અનેક બાબતોનો સામનો કરવાનો છે ત્યારે સહુને સાથે લઇને ચાલવાની નિતી અપનાવવી પડશે.

મારીયો બ્રાન્ડો દિગ્દર્શિત ફિલ્મ ગોડફાધરની ઓરીજીનલ સ્ક્રીપ્ટની હરાજી ૨૦૦૫માં કરવામાં આવી હતી ૧૭૩ પાનાની આ સ્ક્રીપ્ટના ૩ કરોડ,૧૨ લાખ રૂપીયા ઉપજ્યા હતા.

લેડી ડાયેનાએ સહી કરેલા પત્તાની હરાજી કરવામાં આવી ત્યારે એ એક પત્તાના ૮ લાખ ૩૨ હજાર રૂપીયા ઉપજ્યા હતા. આ પત્તુ એર હોસ્ટેસ શેલા બાર્કલે વ્હાઇટ દ્વારા સાચવી રાખવામાં આવ્યુ હતું.

# ઉત્તરાખંડનું રાષ્ટ્રપતિ શાસન કેન્દ્ર સરકાર માટે સાપે છછુંદર ગળ્યા જેવી હરકત છે

એનડીએ સત્તા પર આવતાં વેત રાજ્યોમાંથી બિનભાજપી સરકારોને ઉથલાવી કાઢી સમગ્ર દેશમાં કેસરીયો ધ્વજ લહેરાવાની ઉતાવળમાં અનેક ભુલો કરતો આવ્યો છે.ઉત્તરાખંડમાં હરિશ રાવતની સરકારને ગબડાવવાની ભાજપે એટલી બધી ઉતાવળ કરી કે તેમને ધીરજ ખોઇ. આસામમાં રાત્રિ રોકાણ માટે ગયેલા વડાપ્રધાનને તાત્કાલીક દિલ્હી પહોચવું પડ્યું.જાણે દેશ પર કોઇ મોટી આફતના ઓળા ઉતરી પડયા હોય તેમ અડધી રાતે કેબીનેટની બેઠક બોલાવવી પડી.બેઠક બોલાવવા પાછળ તાત્કાલિક ઉત્તરાખંડમાં રાષ્ટ્પતિ શાસન દાખલ કરવું તેની ભલામણ કરવા આ બેઠક મળી.કોગ્રેસે આ નિર્ણયને કોર્ટમાં પડકાર્યો અને તેની સુનાવણી ચાલી.કોર્ટમાં કેન્દ્ર સરકાર વતીથી એવી દલીલો કરવામાં આવી કે રાજયપાલે મોકલેલા અહેવાલ મુજબ રાષ્ટ્રપતિએ પોતાના રાજકીય શાણપણને કામે લગાડીને પુરતી ચકાસણી કર્યા બાદ રાષ્ટ્રપતિ શાસન દાખલ કર્યુ હતું.તેથી તેમના આ નિર્ણયની કોઇ સમીક્ષાની જરુર નથી.હાઇકોર્ટે તેની કડક આલોચના કરતાં કહ્યુ હતું કે રાષ્ટ્રપતિ એ કોઇ રાજા નથી કેતેમનાથી ભુલ થાય અને તેમના નિર્ણયોની પણ સમીક્ષા થઇ શકે છે.હાઇકોર્ટે એવુ પણ કહ્યું કે ન્યાયમુર્તિઓ પણ ભુલ કરી શકે છે અને તેઓ સમીક્ષાને પાત્ર છે.આ કેસનો ચુકાદો ગમે તે આવે પરંતુ કોર્ટે કરેલા અવલોકનો ખુબજ મહત્વના છે.ભારતમાં લોકશાહી છે.અને અહીં લોકોથી અથવા તો લોકોની મરજીથી સર્વોપરી કોઇ નથી.દેશનો વહીવટ કેવી રીતે ચાલે છે તે માટે બંધારણ ઘડવામાં આવ્યું છે.અને બંધારણના અર્થઘટનના કોઇ પ્રશ્નો ઉભા થાય તો સુપ્રીમ કોર્ટે તે અર્થઘટન નક્કી કરી આપે છે.ક્યારેક સુપ્રીમ કોર્ટ કોઇ એવો ચુકાદો આપે જેની સાથે લોકોના મત વડે ચુંટાયેલી સરકાર સંમત ના હોય તો સરકાર સંસદમાં આ ચુકાદાને ઉલટાવી દે તેવો કાયદો પસાર કરાવી શકે છે. ભુતકાળમાં આવું બન્યું છે. ટુંકમાં આપણાં બંધારણમાં સમીક્ષા અને ફેરસમીક્ષાની સંખ્યાબંધ જોગવાઇઓ છે. અને કોઇ સંસ્થા, કોઇ પદાધિકારી, કોઇ વ્યક્તિ સરમુખત્યાર ના બની જાય અને એકહથ્થુશાહીથી ના વર્તે તે માટે પુરી તકેદારી રાખવામાં આવે છે. આ ચેકસ એન્ડ બેલેન્સ સિસ્ટમ જ ભારતીય શાસનની અસલી ખુબી છે.રાષ્ટ્રપતિથી પણ ભુલ થાય એવા હાઇકોર્ટના કથનમાં ભારોભાર સત્ય છે.આપણે ત્યાં દેશનો સઘળો વહીવટ રાષ્ટપતિના નામે ચાલે છે.પરંતુ વાસ્તવમાં ઘણી બધી બાબતોમાં રાષ્ટ્રપતિના હાથ બંધાયેલા છે.તેમની પાસો કેન્દ્ર સરકારની મરજીને અનુસર્યા સિવાય કોઇ વિકલ્પ હોતો નથી.ઘણીવાર એવુ પણ બને કે રાષ્ટ્રપતિએ કરેલી કહેવાતી ભુલ કોણ સુધરાવી શકે ?

ભારતમાં કરોડો હિન્દુ શ્રધ્ધાળુઓ પોતાના પાપ ધોવા ઉત્તરાખંડના હરિધ્વારમાં જઇ ગંગા નદીમાં સ્નાન કરે છે.પરંતુ હિન્દુવાદી પક્ષ હોવાનો દાવો કરતાં ભાજપે ઉત્તરાખંડમાં સામદામદંડભેદ બધુ અજમાવી સત્તા છિનવવાનું પાપ આચર્યું છે.અને લોકશાહીના નૈતિક મુલ્યોના નામનું નાહી નાંખ્યું છે.ભલુ થજો ઉત્તરાખંડ હાઇકોર્ટનુ કે તેણે ભાજપને આ પાપનો અહેસાસ કરાવ્યો છે અને તે ધોઇ નાંખવાની તક આપી છે.હાઇકોર્ટે બહુ આકરી ટીકાઓ સાથે શબ્દો ચોર્યા વગર કહ્યુ છે કે રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય ગેરકાયદેસર છે અને પુરતા વાજબી કારણો વિના જ ૩૫૬મી કલમનો ઉપયોગ કરાયો છે.હાઇકોર્ટે હરિશ રાવતની સરકારને પુન : બહાલ કરી છે અને ૨૯મી તારીખે વિશ્વાસનો મત મેળવી લેવા જણાવ્યુ છે.પરંતુ ભાજપના મોવડીઓની સત્તાભુખ જોતાં તેઓ આ પાપને વધારે ઘુંટવા માંગે છે.વિધાનસભાના ફલોર પર દુધનું દુધ અને પાણીનું પાણી કરવાનો લોકશાહી ઉપાય અજમાવવાને બદલે કેન્દ્ર સરકાર સુપ્રીમ કોર્ટમાં હાઇકોર્ટના ચુકાદાને પડકારવાના મુડમાં છે.અને આ ચુકાદાને પડાકારાયો તેના કારણે સુપ્રીમે તાત્કાલીક હાઇકોર્ટના ચુકાદા પર સ્ટે આપી દીધો છે.કોગ્રેસના પક્ષપલટુઓની સાથે મીલીભગત કરીને ભાજપ સરકાર રચવાના મુડમાં છે.ઉત્તરાખંડમાં ચુંટણી આઠ નવ મહિનાની વાર છે. ભાજપે આટલો સમય રાહ જોવાની જરુર હતી.અને હરિશ રાવત સામે પ્રજાનો આક્રોશ તેમને માટે વિજય સરળતાથી આપી દેત. પરંતુ ભાજપ પોતાના પાપને વાજબી ઠેરવવા માટે પ્રયત્ન કરે છે.તેમની પાસે ભુતકાળમાં કોગ્રેસે આવી રીતે સરકારોને બરતરફ કરી હતી તેવી દલીલો છે.પરંતુ ભાજપે સમવાયતંત્રની જાળવણીની બાબતમાં આદર્શ દાખલો બેસાડવો જોઇતો હતો. કે પછી કોગ્રેસો બંધારણીય સંસ્થાઓની જે રીતે તોડમરોડ કરી તે રીતે એટલે કે કોગ્રેસે જે રીતે આગળ કર્યુ હતું તેવી રીતે તેમણે વર્તવું છે તે ભાજપના મોવડીઓએ નક્કી કરવાનું છે.તા.૨૯મી વિશ્વાસનો મત હરિશ રાવત જીતી ના શકે તો પછી ભાજપની સરકાર રચાય અથવા તો વિધાનસભાનું વિસર્જન થાય અને નવેસરથી ચુંટણીઓ કરી શકાય તે વધુ ઇચ્છનીય છે.પરંતુ બંધારણીય બાબતોમાં અને રાજકીય નિર્ણયોની રીતે પણ ભાજપના નેતાઓ વડાપ્રધાનને ગેરમાર્ગે દોરી રહ્યા છે.કેન્દ્ર સરકારે અનેક આર્થિક સુધારાઓ બહુ મોટે પાયે કરવાના છે.બહુ અઘરા એજન્ડાઓ પાર કરવાના છે.આ માટે તેણે રાજયસભામાં જીએસટી પસાર કરાવવા સહિતના અનેક મુદ્દાઓમાં વિપક્ષોનો સહકાર જોઇશે. આવા સમયે ઉત્તરાખંડ જેવો ઉછાંછળો નિર્ણય લઇ ભાજપે હાથે કરીને પેળમાં સુળ ઉભુ કર્યું છે.કેન્દ્રીય નાણા મંત્રી અરુણ જેટલી ઉત્તરાખંડના પાપને કાનુની રીતે સાચું ઠેરવવા વધારે ધમપછાડા કરવામાં સક્રિય થાય તેના કરતાં અર્થતંત્ર પર ફોકસ કરવાના ૨૦૧૪ના મન્ડેટને વળગી રહે તે તેમના અને પક્ષના હિતમાં તેમજ સરકાર અને સમગ્ર દેશના હિતમાં છે.

જો કે હાલની સ્થિતિ એવું દર્શાવે છે કે ભાજપ હવે સુપ્રીમ કોર્ટમાં કાનુની દાવપેચ રમવાની ફિકરમાં છે અને તેમણે હાલ પુરતો ઉત્તરાખંડ હાઇકોર્ટના આદેશ સામે સ્ટે મેળવી લીધો છે તેથી જ્યાં સુધી કોર્ટમાં હિયરીગ નહી થાય ત્યાં સુધી ઉત્તરાખંડની બાબત લટકતી રહેથે.

(સૌ.ન.ગુ.સ.ના આધાર)

# ઉત્તરાખંડમાં રાષ્ટપતિ શાસન રદ કરવામા હાઇકોર્ટેના ઐતિહાસિક ચુકાદામાં હાઇકોર્ટની મહત્વની ટીપ્પણી

૧.સરકાર શું ખાનગી પાર્ટી છે ? એ જોઇને આક્રોશ નહીં પણ દુઃખ ઉપજે છે કે તમે આવી રીતે વર્તી શકો છો. અદાલત સાથે તમે રમત કઇ રીતે રમી શકો ‘‘રાષ્ટ્રપતિશાસન ઉઠાવી લેવાય કે નહીં તેની કોઇ ગેરંટી નહીં એ મુજબ કેન્દ્ર સરકારે જણાવતાં કોર્ટે તીખી પ્રતિક્રિયા આપી.

૨.એકહથ્થુ સત્તા ગમે તેનું મગજ ખરાબ કરી શકે છે અને રાષ્ટ્પતિ ખોટા હોઇ શકે.

૩.સર્વોચ્ચ સત્તાધારી ક્યારેય ના બની શકાય.તમે ગમે તેટલા ઉંચા પદ પર હો, પરંતુ કાયદો તમારા કરતાં ઉપર છે. હસ્તક્ષેપ માટે રાષ્ટ્પતિ સમક્ષ જે હકીકત રજુ થઇ તેની ન્યાયિક સમીક્ષા પણ થઇ શકે.

૪.ફોન પર આદેશ આપવાની હદે વાત પહોચી ગઇ. સ્પીકરની સ્વતંત્રતાનુ રક્ષણ થવું જોઇએ. અહીં સીમાઓનું ઉલ્લંઘન થયું છે.

૫.વિચારણાનો રંગ જોવા મળે છે. પાંચ વર્ષ પુરા કરવાને આરે હોય તેવી સરકારને દુર કરી શકાય ? મુખ્ય મુદ્દો એ છે કે તમે લોકશાહીના મુળીયા પર ઘા મારી રહ્યા છો. રાજ્યોની બાબતમાં હસ્તક્ષેપ તે નાની સુની વાત નથી.આવી સત્તાનો ઉપયોગ ખાસ સંજોગોમાં થવો જોઇએ.

૬.પક્ષ પલટો કરીને લોકશાહી સામે પાપ કરવા બદલ ગેરલાયક ઠરીને તેમણે કિંમત ચુકવવી પડશે.

૭.કોગ્રેસના નવ વિધાનસભ્યોનું ભાવી તે રાજ્યમં રાષ્ટ્પતિ શાસન લાદવાના નિર્ણયથી બહારનો અને બિનસંગત મુદ્દો છે.

વિનંતી
તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

# ઉત્તરાખંડની હાઇકોર્ટના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટનો મનાઇ હુકમ -૨૪ કલાકમાં રાષ્ટ્રપતિશાસનની ઘરવાપસી

ઉત્તરાખંડની હાઇકોર્ટે રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન ઉઠાવી લેવાનો ચુકાદો આપતાં કેન્દ્ર સરકાર સમસમી ઉઠી હતી.તેમના આદેશની અવગણના કરનાર હાઇકોર્ટના હુકમ સામે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પેશીયલ લીવ એપ્લીકેશન દાખલ કરી દીધી હતી અને ઉત્તરાખંડ હાઇકોર્ટના ચુકાદા સામે સ્ટેની માંગણી કરી હતી જેને સુપ્રીમ કોર્ટે ગ્રાહ રાખી હતી.તેથી કેન્દ્ર સરકારને પોતાના નિર્ણયમાં મળેલી પીછેહઠમાં રાહત મળી હતી.જો કે સુપ્રીમે જણાવ્યુ હતું કે ચુકાદાની નકલ ન હોવાને કારણે હાઇકોર્ટના ચુકાદાને મોકુફ રાખવામાં આવે. સુપ્રીમે આ મામલાની સુનાવણી ના થાય ત્યાં સુધી ઉત્તરાખંડમાંથી રાષ્ટ્રપતિ શાસન ન હટાવવાની કેન્દ્ર સરકારને તાકીદ કરી હતી.સુપ્રીમના આદેશને કારણે માત્ર ૨૪ કલાકમાં જ રાષ્ટ્રપતિ શાસનની ઘરવાપસી થઇ હતી.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે પક્ષકારોને હાઇકોર્ટના ચુકાદાની નકલ ઉપલબ્ધ થાય ત્યાં સુધી બંને પક્ષો માટે સંતુલન જાળવવા આ આદેશ આપવામાં આવ્યો છે.આ મામલો ટોચની પ્રાથમિકતા ધરાવતો હોવાથી હાઇકોર્ટે ઝડપથી ચુકાદો સહી કરી આપી દેવો જોઇએ. જેથી કેન્દ્ર સરકારની પીટીશનની સુનાવણી થઇ શકે.બેન્ચે ૨૬મી એપ્રિલ સુધીમાં ચુકાદાની નકલ આપી દેવા હાઇકોર્ટને આદેશ આપ્યો છે.

ઉત્તરાખંડ હાઇકોર્ટના ચુકાદાથી શરમજનક સ્થિતિમાં મુકાયેલી કેન્દ્ર સરકારના મંત્રી વેંકૈયા નાયડુએ જણાવ્યુ હતું કે ઉત્તરાખંડમાં લદાયેલું રાષ્ટ્રપતિશાસન હંગામી પગલું છે.રાજ્યપાલના રિપોર્ટના આધારે વિધાનસભાને પુનર્જિવિત કરી શકાય છે.કેન્દ્ર સરકાર ઘણી સ્પષ્ટ છે કે રાજ્યમાં બંધારણીય કટોકટી સર્જાઇ હતી.

જયારે શિવસેનાએ તેના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં કેન્દ્ર સરકારની આકરી ટીકા કરતાં જણાવ્યુ હતું કે સરકારે તેના જ કાયદાને કચરાપેટીમાં નાંખી દીધો છે.કેન્દ્ર સરકાર એક તરફ એવો દાવો કરે છે કે તે કાયદાકીય પંડિત છે અને પોતેજ કાયદાને કચરાપેટીમાં નાંખી દે છે.ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસન હટાવી લેવાનો હાઇકોર્ટનો ચુકાદો સાબિત કરે છે કે કેન્દ્ર સરકારે રાજકીય સ્વાર્થ ખાતર આ નિર્ણય લીધો હતો.શિવસેનાએ જણાવ્યુ હતું કે આ હાઇકોર્ટનો ચુકાદો રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજીને પણ દોષિત ઠરાવે છે.કારણકે રાષ્ટ્રપતિએ પણ રાવત સરકાર હટાવવાના નિર્ણયનો વિરોધ કર્યો નહોતો તેના કારણે રાષ્ટ્પતિની પ્રતિષ્ઠા ખરડાઇ છે.

જો કે રાષ્ટ્રપતિએ કેબિનેટની સલાહને અવગણી હોત તો બીજી વખત કેબિનેટની સલાહ અવગણી ના શકે અને ફરજીયાત તેમણે સલાહને અનુસરવું પડે તેવું બંધારણ કહે છે.

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



# છત્તીસગઢના બસ્તર જીલ્લામાં આવેલ તોકપાલ ગામે આવેલા ચર્ચમાં આગ લગાડાઇ

છત્તીસગઢના બસ્તર જીલ્લામાં આવેલ તોકપાલ ગામમાં આવેલ ખ્રિસ્તી ચર્ચને કેટલાક હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા આગ લગાડવામાં આવી હતી.ખ્રિસ્તી પવિત્ર પુસ્તકો,સુવાર્તાઓ,ફર્નીચર વિગેરેનો આગમાં નાશ થયો હતો.ચર્ચમાં પાસ્ટર તેમની પત્ની અને બાળકો સાથે અમાનુષીભર્યુ વર્તન કરવામાં આવ્યું હતું. પાસ્ટરને માર મારવામાં આવ્યો હતો અને તેમના કુટુંબ પર પણ પેટ્રોલ છાંટી તેમને સળગાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ સદભાગ્યે તેઓ નાસી છુટ્યા હતા.આ પહેલા માર્ચ મહિનામાં રાયપુર જે છત્તીસગઢનું પાટનગર છે તેની પાસે આવેલા કચના ગામે ઘટના ઘટી હતી જેમાં હોમ ચર્ચને નુકશાન પહોચાડાયું હતું અને પાસ્ટરને મારવામાં આવ્યા હતા.

શ્રી અરુણ પન્નાલાલ, પ્રેસિડેન્ટ,છત્તીસગઢ ક્રિશ્ચિયન એસોસીએશને જણાવ્યુ હતું કે પાસ્ટર દીનાનાથ અને તેમની સગર્ભા પત્ની ભાગી છુટવામાં સફળ રહ્યા હતા.જો કે કટ્ટરવાદી ટોળાએ તેમની પર પેટ્રોલ છાંટ્યુ હતું અને માર માર્યો હતો. પન્નાનાલે પોલીસ પર આક્ષેપ મુકતા કહ્યુ હતું કે તોકપાલ નાનુ ગામ છે અને ત્યાં સહુ કોઇ એકબીજાને જાણતા હોય છે.તો પણ પોલીસે અજાણ્યા શખ્સો પર ગુનો નોધ્યો હતો.અને પોલીસે અસરગ્રસ્તોને પુરતુ રક્ષણ આપ્યુ નહોતું.આ કેસમાં એફઆઇઆર નોધવામાં આવી હતી.જેમાં લખવામાં આવ્યું હતું કે હુમલાખોરોએ ઇલોક્ટ્રોનીક સંગીતના સાધનો ચર્ચમાં હતા તેનો નાશ કર્યો હતો.પરંતુ પવિત્ર પુસ્તકો અને ફર્નીચર સળગાવી દેવાયું તેનો ઉલ્લેખ કર્યો નહોતો.છત્તીસગઢમાં ૨૦૧૪ અને ૨૦૧૫માં ખ્રિસ્તીઓ પર ૯૩ જેટલા હુમલા કરવામાં આવ્યા હતા.



# ઉત્તરાખંડમાં શક્તિ પરિક્ષણ રોકાયું, રાષ્ટ્રપતિ શાસન ચાલુ રહેશે

ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનની અવધિ લંબાવવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે શક્તિ પરિક્ષણની તારીખને ટાળી દીધી છે.જ્યાં સુધી સુનાવણી પુર્ણ નહી થાય ત્યાં સુધી રાષ્ટ્રપતિશાસન યથાવત રહેશે.કાનુની દાવપેચ રમવાના નિષ્ણાંતો ફરીથી એક વાર ફાવી ગયા છે.ઉત્તરાખંડની હાઇકોર્ટનો ચુકાદો કેન્દ્ર સરકારની વિરુધ્ધમાં હતો તેથી તેની પર સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી ત્યારથી નક્કી હતુ કે ૨૯મીએ શક્તિ પરિક્ષણ કોઇપણ સંજોગોમાં થશે નહી.અને હરિશ રાવતને કાયદાની આંટીઘુટીમાં થી પસાર થવું પડશે.કેન્દ્ર સરકારની દશા સાપે છછુંદર ગળ્યા જેવી છે.

જો કે કોગ્રેસના રાવત વતી હાજર રહેલા વકીલ અભિષેક સંઘવીએ કહ્યુ હતું કે સુપ્રીમકોર્ટના આદેશનો વિરોધ કરવાનો સવાલ નથી.પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતાં સંભવિત ઉકેલ વિધાનસભામાં શક્તિ પરિક્ષણ છે તેવું બેન્ચે સુનાવણી દરમિયાન કહ્યુ હતું.બેન્ચે કહયું હતું કે બંન્ને પક્ષોને આદેશ ન થાય ત્યાં સુધી ઉત્તરાખંડ હાઇકોર્ટના ચુકાદા પર સ્ટે ચાલુ રહેશે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સાત સવાલો કર્યા છે તેના જવાબો કેન્દ્રએ સુપ્રીમમાં આપવાના છે.

૧. શું રાજ્યમાં વિધાનસભામાં શક્તિ પરિક્ષણ માટે બંધારણની ધારા ૧૭૫(૨) અંતર્ગત સંદેશો મોકલી શકે ?

૨.રાજ્યપાલ અને સ્પીકર બંધારણીય હોદ્દેદાર છે. શુ રાજ્યપાલ સ્પીકરને મતવિભાજન માટે આદેશ આપી શકે ખરા ?

૩.વિધાનસભામાં શક્તિ પરિક્ષણમાં થયેલો વિલંબ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો આધાર બની શકે ખરો ?

૪.નાણાં ખરડો પસાર થિ શક્યો નથી તેથી સરકાર અલ્પમતમાં આવી ગઇ. પરંતુ જો સ્પીકર કહેતા હોય કે નાણાં ખરડો પસાર થયો નથી તો બીજુ કોણ તે અંગે નિર્ણય લિ શકે ?

૫.એપ્રોપ્રિએશન બિલની સ્થિતિ શું છે. આ બિલના સંદર્ભમાં ક્યારે રાષ્ટ્રપતિ શાસન લાદી શકાય ?

૬.સ્પીકર દ્વારા ધારાસભ્યોને ગેરલાયક ઠેરવાયા તેના આધારે આર્ટીકલ ૩૫૬ અંતર્ગત રાષ્ટ્રપતિશાસન લાધી શકાય ?

૭.રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે રાષ્ટ્રપતિ દ્વારા ઉત્તરાખંડ વિધાનસભાની કાર્યવાહીની નોંધ લેવાઇ શકે ?

ઉપરોકત મુદ્દાઓના જવાબૌ હવે પછીની મુદતમાં કેન્દ્ર સરકારે રજુ કરવાના રહેશે ત્યારબાદ સુપ્રીમ કોર્ટમાંથી નિર્ણય આવી શકશે.

# ઉત્તરાખંડમાં શક્તિ પરિક્ષણ માટે હોર્સ ટ્રેડીગની શક્યતાઓ વધી

જો કે ઉત્તરાખંડ માટે સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે વિધાનસભામાં શક્તિ પરિક્ષણ એ યોગ્ય નિર્ણય આપી શકશે.હવે ઉત્તરાખંડ વિધાનસભામાં શક્તિ પરિક્ષણ એ નિશ્ચિત બાબત છે.પરંતુ કોર્ટના નિર્ણય આવે ત્યાં સુધીમાં હોર્સ ટ્રેડીંગનો કાર્યક્રમ પુર જોશમાં ચાલશે.કેન્દ્ર સરકારનું નાક કપાયું છે તેથી તેઓ એડી ચોટીનું જોર લગાવીને શક્તિ પરિક્ષણમાં તેમની બહુમતી સાબિત કરવાની કોશીશ કરશે તેવું દેખાઇ રહ્યું છે.

હરિશ રાવત સરકારની સામે બળવો પોકારનાર બે કોગ્રેસી ધારાસભ્યો રાજેન્દ્ર ભંડારી અને જીતરામે જણાવ્યુ હતું કે અમને ભાજપનુ સમર્થન કરવા માટે રુપીયા ૫૦ કરોડ,વિધાનસભાની ચુંટણીમાં પરિવારના સભ્યને ટિકિટ અને રાજ્યસભાની બેઠકની ઓફર અપાઇ હતી. ભાજપના નેતા સતપાલ મહારાજના નિકટ મનાતા આ બંને ધારાસભ્યોએ જણાવ્યુ હતું કે અમારે સતપાલ મહારાજ સાથે અંગત સબંધો છે. એવા પણ અહેવાલો છે કે નાયબ સ્પીકર અનસુયા મૈખુરી સાથે આ બંને ધારાસભ્યો પણ ભાજપને સમર્થન આપવાના હતા..જો તેમ થયું હોત તો બળવાખોર કોગ્રેસીઓની સંખ્યા ૧૨ પર પહોચી હોત.

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ડૉ.હેમેન્દ્ર જી. પરીખ
પી.જી.યોગા,ડીએચએમએસ
યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.